કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,વલસાડ.
જિલ્લા સેવા સદન –૨,પહેલા માળે,વલસાડ – ૩૯૬ ૦૦૧
E-MAIL:Collector-val@gujarat.gov.in
કચેરી ટેલીફોન નંબર :–૦૨૬૩૨-[illegible]
કચેરી ફેક્સ નંબર :– [illegible] કન્ટ્રોલ રૂમ :– [illegible]

નં.સીબી/એન.એ./રજી.૨૦/૧૧–૧૨/અબ્રામા/વશી–[illegible]/૨૦૧૨ તા.૨૭/૦૩/૨૦૧૨

**વાંચનમાં લીધુ :–**

(૧.) અરજદારશ્રી (૧.) સમીર રમણલાલ દેસાઈ (૨.) હિતેશકુમાર જમનાદાસ કળદુ (૩.) જીતેન્દ્ર કાળીદાસ ચોખલીયા, રહે.C/O ફીલ્ડ માર્શલ એજન્સી સ્ટેડીયમ રોડ,વલસાડની અરજી તા.૨૨–૧૨–૨૦૧૧, તા.૦૫–૦૧–૨૦૧૨, તા.૧૩–૦૩–૨૦૧૨,તા.૧૬–૦૩–૨૦૧૨.

(૨.) નાયબ કલેક્ટરશ્રી વલસાડનો પત્ર નં.એલએેકયુ/વશી–૧૩/રજી.૧૫૩/૧૨, તા.૨૪/૦૧/૨૦૧૨.

(૩.) મામલતદાર અને કૃષિપંચશ્રી વલસાડનો પત્ર નં.સીલીંગ/જમન/રજી.૧૫/વશી–૧૦૮/૨૦૧૨, તા.૨૩/૦૧/૨૦૧૨.

(૪.) મામલતદારશ્રી વલસાડનો શેરાપત્ર નં.જમન/વશી–૫૩૦/૨૦૧૨, તા.૦૬/૦૨/૨૦૧૨.

(૫.) ચીફ ઓફિસરશ્રી, વલસાડ નગરપાલિકા, વલસાડનો પત્ર જા.નં.૧૨૫૫–૨૦૧૧–૨૦૧૨, તા.૧૭–૦૧–૨૦૧૨ તથા જા.નં.૧૪૭૭–૨૦૧૧–૨૦૧૨, તા.૧૮–૦૨–૨૦૧૨.

(૬.) સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી વલસાડનો પત્ર ક્રમાંક–સીટીએસ–અબ્રામા– વશી–૫૧૨/૨૦૧૨, તા.૦૮–૦૨–૨૦૧૨.

(૭.) સરકારશ્રીના મ.વિ.સંકલિત ઠરાવ નં.૧૦૮૦/૬૭૬/ક તા.૨૫/૮/૮૦ તથા બીજા ઠરાવ ક્રમાંક/બખપ/૧૦૮૧/૬૧૨/ક તા.૨૫/૩/૮૧ તથા મ.વિ.ના ઠરાવ ક્રમાંક/ બહેપ/૧૦૮૦/ ૧૪૫૯૦, ક તા.૨૭/૮/૮૦ તથા ઠરાવ તા.૨૦/૯/૮૪

(૮.) સરકારશ્રીના મ.વિ.ઠરાવ ક્રમાંક/બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા.૦૧/૦૭/૨૦૦૮

(૯.) સરકારશ્રીના મહેસુલ તપાસણી કમિશનર,ગુજરાત રાજયની કચેરી ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક–મતક–ડાયરી–ઈ–ધરા–૭૩૭–૨૦૧૧, તા.૦૮–૦૯–૨૦૧૧ તથા પત્ર ક્રમાંક–મતક–વહટ–વશી–૧૩૫૪/૨૦૧૧, તા.૧૨–૦૯–૨૦૧૧.

(૧૦.) સને–૧૮૭૯ ના મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ–૬૫.

**હુ કમ :–**

મોજે:અબ્રામા,તા.વલસાડના , સ.નં.૨૭/૧,ક્ષે.૯૧૧.૦૦ ચો.મી. તથા સ.નં.૨૭/૨, ક્ષે.૧૧૧૩.૦૦ ચો.મી. ,સી.સ.નં.૪૦ તથા ૪૧ કુલ–ક્ષે.૨૦૨૪.૦૦ ચો.મી. વાળી જગ્યામાં જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫ હેઠળ "રહેણાંક" હેતુસર બિનખેતિની પરવાનગી મળવા માંગણી કરેલ છે. સદર કેસમાં "રહેણાંક" હેતુસર માટે પ્રતિ ચો.મીના રૂ.૧૦/–(દશ) પ્રમાણે રૂ.૨૦,૨૪૦/– (અંકે રૂપિયા વીસ હજાર બસો ચાલીસ પુરા) વસુલ લઈ મોજે:અબ્રામા,તા.વલસાડના , સ.નં.૨૭/૧,ક્ષે.૯૧૧.૦૦ ચો.મી. તથા સ.નં.૨૭/૨, ક્ષે.૧૧૧૩.૦૦ ચો.મી. ,સી.સ.નં.૪૦ તથા ૪૧ કુલ– ક્ષે.૨૦૨૪.૦૦ ચો.મી. વાળી જગ્યામાં અરજદારે રજૂ કરેલ સુચિત નકશો જે આ સાથે સામેલ છે. તે મુજબ જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫ હેઠળ "રહેણાંક" હેતુસર બિનખેતિની પરવાનગી (૧.) સમીર રમણલાલ દેસાઈ (૨.) હિતેશકુમાર જમનાદાસ કળદુ (૩.) જીતેન્દ્ર કાળીદાસ ચોખલીયા, રહે.C/O ફીલ્ડ માર્શલ એજન્સી સ્ટેડીયમ રોડ,વલસાડને તા.૦૧/૦૮/૨૦૧૨થી આ હુકમ સાથે સામેલ

Scanned by CamScanner

રાખેલ પત્રક મુજબ બીનખેતીનાં ધારાની રકમ ઉપર મુજબનું લોકલફંડ તથા શિક્ષણ ઉપકર મુજબ બીજો ફેરફારનો હુકમ ન થાય ત્યાં સુધી સદરહુ પરવાનગી નીચે જણાવેલ સબંધિત શરતોને આધીન રહીને જમીન મહેસૂલ કાયદાની કલમ–૬૫ હેઠળ આપવામાં આવે છે.

## બિનખેતી પરવાનગી મેળવનાર અરજદારે પાલન કરવાની શરતો :

(૧.) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઈસ્યુ કરાવેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઈએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે–આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાયેલ હોવો જોઈએ.

(૨.) બાંધકામ શરૂ કરતાં પહેલા સક્ષમ અધિકારી પાસે બાંધકામની રજા ચીટ્ઠી મેળવવાની રહેશે.

(૩.) શહેરી વિસ્તાર જ્યાં ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજૂર થઈ ગઈ છે ત્યાં જી.ડી.સી.આર. અને ઝોનીંગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૪.) મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થયની દ્રષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૫.) અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચે અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી થશે.

(૬.) ઔદ્યોગીક હેતુ માટે મંજુરી માંગેલ હોય તો બાંધકામ કરતાં પહેલાં જિલ્લા ઉદ્યોગ અધિકારીની જરૂરી મંજુરી મેળવ્યા બાદ જ આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૭.) ફ્લોર 'મીલ', સીનેમા/ટુરીંગ સીનેમા/થીયેટર માટે બીનખેતી પરવાનગીના કામે જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૮.) પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, સી.એન.જી,એલ.પી.જી. પંપ નાંખવા માટે બીનખેતી પરવાનગીના કામે બાંધકામ શરૂ કરતાં પહેલા જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજૂરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૯.) ઈન્ડીયન એક્ષપ્લોઝીવ એકટ અન્વયે મેંગેનીઝ,ફાયરવર્કસ, દારૂખાના માટે બિનખેતીની કાર્યવાહી કરતાં જિલ્લા મેજીસ્ટ્રેટની જરૂરી મંજુરી મેળવી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૦.) સવાલવાળી જમીન જો જેલથી નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૧૧.) સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદથી ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૧૨.) સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી લીડના તાર/હાઈટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૧૩.) બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કી.મી.ની ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઈ તથા એરોડ્રામની દ્રષ્ટિએ જરૂરી એવું ' ના વાંધા પ્રમાણપત્ર' સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૪.) ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્સ્ટોલેશનથી ૯૦૦ મીટરની ત્રિજયા બહાર બાંધકામ કરવાનું રહેશે.

Scanned by CamScanner

(૧૫.) ઓ.એન.જી.સી.ના કુવા નજીકમાં આવેલ જમીનના કિસ્સામાં અરજદારે સંબંધિત નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૬.) નર્મદા કેનાલ/અન્ય સિંચાઈ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સંબંધિત સૂચિત બાંધકામ માટે જાળવવાના થતાં અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧૭.) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૮.) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે રક્ષિત વન તરીકે જાહેર કરેલ વન/જમીનથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૧૯.) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ અન્વયે અભ્યારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાનાં થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૨૦.) સવાલવાળી જમીનનું એકત્રીકરણ કરાવ્યા બાદ ઉપયોગ કરવાનો રહેશે.

(૨૧.) રસ્તાની જમીન હરાજીથી, બક્ષીસથી કે અન્ય કોઈ રીતે વેચાણ કે તબદીલ થઈ શકશે નહી.

(૨૨.) રસ્તા સહિતની સમગ્ર જમીનનો બીનખેતી આકાર, પ્લોટ વેચાણ કરવામાં આવે, ત્યાં સુધી હોલ્ડરે પ્રમાણસર ભરવાનો રહેશે.

(૨૩.) રસ્તાની જમીનનું રાજીનામું આપે ત્યારે બીનખેતી આકાર કમી કરવાનો થાય છે. તેમ છતા રસ્તાનો ઉપયોગ તો જાહેર રીતે જ કરવાનો રહેશે.

(૨૪.) કલેકટરશ્રીની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય બીજા હેતુનો ઉપયોગ કરવાનો રહેશે નહી.

(૨૫.) લેન્ડ રેવન્યુ કોડની કલમ–૪૮(૪) હેઠળ કલેકટરશ્રીની અગાઉથી લેખિત પરવાનગી મેળવ્યા સિવાય મંજુર જમીનની તથા બાંધકામની માન્ય પ્રવર્તમાન રહેણાંક સિવાયના હેતુ માટેના ઉપયોગ સારૂ મનાઈ ફરમાવવામાં આવે છે.

(૨૬.) આ હુકમ થયાની તારીખથી છ માસમાં ખેતી સિવાયનું કૃત્ય કરવું પડશે અને જો તેમ કરવામાં કસુર થશે તો ખેતીનો વિશેષધારો તથા દંડ જે કંઈ નકકી થાય તે ભરવા પડશે.

(૨૭.) કબજેદાર ખેતી સિવાયનું કૃત્ય શરૂ કર્યાની તારીખથી બે માસમાં પરંતુ આ હુકમની તારીખથી ૪ માસથી મોડુ નહિ તેટલી મુદતમાં તથા અપીલનો સમય પુરો થયા બાદ નમુના 'એમ' માં આ હુકમમાં જણાવેલી તમામ શરતો સહિતની સનંદ મુદતમાં કરાવી લેવી પડશે અને આ પરવાનગી સનંદમાં જણાવેલ શરતોને આધીન રહેશે. જો સદર મુદતમાં સનંદ કરી આપવામાં કસુર થશે તો આ બીનખેતીની મંજૂરીનો હુકમ રદ થવાને પાત્ર રહેશે.

(૨૮.) ખાળ કુવા નિયમિત સાફ કરાવવા માટે ગોઠવણ કરવાની રહેશે.

(૨૯.) આ હુકમની તારીખથી ત્રણ વર્ષમાં બાંધકામ પુરૂ કરવાનું રહેશે. અને બાંધકામ પુરૂ થયા પછી ૩ માસમાં જાણ કરવાની રહેશે.

Scanned by CamScanner

(૩૦.) નગરપાલિકાએ નેશનલ બિલ્ડીંગ કોડ અનુસાર બાંધકામ સ્ટેબીલીટી અંગેના નિયમોનો ચુસ્ત પણે અમલ કરાવવાનો રહેશે.

(૩૧.) એન.એ. કરવામાં આવેલી જમીનના સર્વે નંબર ઉપર બાંધકામ કરતા પહેલા સરકાર માન્ય સંસ્થા પાસે સોઈલ ટેસ્ટ ફરજીયાત કરાવવાનું રહેશે. અને આ સોઈલ ટેસ્ટની નકલ બાંધકામના રેકર્ડ ઉપર રાખવાની રહેશે.એટલું જ નહી પરંતુ સોઈલ ટેસ્ટ કરાવ્યા બદલની પ્રમાણિત નકલો બાંધકામ જમીનની મંજુરી સાથે સંકળાયેલ તમામ સરકારી, અર્ધસરકારી એજન્સીઓને ફરજિયાત પણે આપવાની રહેશે. અને આ પ્રમાણપત્ર અને મંજુરીની નકલ મકાન ખાતેદાર વ્યક્તિએ બાંધકામ કરનાર વ્યક્તિને પુરૂ પાડયા બદલનો દાખલો પણ નગરપાલિકાએ રેકર્ડ ઉપર રાખવાનો રહેશે.

(૩૨.) ઉપરોક્ત બીનખેતી થનાર જમીન પર જે કંઈ બાંધકામ કરવામાં આવે તે બાંધકામ કરનાર કોન્ટ્રાકટરની સંપૂર્ણ વિગતો તમામ સંબધિત સરકારી બિનસરકારી એજન્સીઓએ બાંધકામ ખાતેદાર વ્યકિતએ પુરી પાડવાની રહેશે. અને મકાન ખરીદનાર તમામ મકાન ધારકોને પણ આ બાંધકામ કઈ વ્યકિતએ અથવા કોન્ટ્રાકટરે હાથ ધરેલ છે. તેના નામ સરનામા સાથેની સંપૂર્ણ વિગતો પણ પ્રમાણિત નકલો સાથે પુરી પાડવાની રહેશે. સરકારશ્રીની જુદી જુદી એજન્સીઓ ધ્વારા રજીસ્ટ્રેશન અને કોન્ટ્રાકટર રજી.માટે જે કંઈ ધોરણો, સુચનાઓ બહાર પાડવામાં આવે તે પ્રમાણે બીલ્ડરનું રજી.ફરજિયાત કરાવી તમામ સંબધિતોની તેની લેખિતમાં જાણ કરવાની રહેશે. તે મુજબ નગરપાલિકાએ અમલ કરાવવાનો રહેશે.

(૩૩.) ભુંકપ,વાવાઝોડા,પુરસબંધી ઝોન અનુરૂપ અધતન સુધારેલ શરત નં.૧૯ ની જોગવાઈ અનુસાર મકાનોની ડીઝાઈનનો ઉપયોગ થાય તે ખાસ જોવાની સુચના આપવામાં આવે છે. તે મુજબ નગરપાલિકાએ અમલ કરાવવાનો રહેશે.

(૩૪.) વરસાદી પાણીના ભૂગર્ભવહન/સંચય માટે દર મકાન/બહુમાળી મકાન દીઠ એકના દરે પરકોલોટીંગ બોરવેલની વ્યવસ્થા કરવાની રહેશે. નગરપાલિકાએ કાર્યવાહી કરાવવાની રહેશે.

(૩૫.) પ્રકરણે રજુ થયેલ પુરાવા સિવાય અન્ય જરૂરી પુરાવા રજુ કરવામાં આવેલ ન હોય અને પાછળથી લેન્ડ ટાઈટલ બાબતે કોઈ વિવાદ ઉભો થશે તો સમગ્ર જવાબદારી અરજદારની રહેશે.

(૩૬.) આ પરવાનગી અરજદારે રજુ કરેલ વિગતોને આધારે આપવામાં આવેલ છે. રજુ થયેલ કોઈ વિગત ખોટી હોવાનું જાહેર થયેથી કે ઉપરની કોઈપણ શરતોનો ભંગ થયેથી આ પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે. તથા જમીન મહેસુલ કાયદા કલમ–૭૯/એ હેઠળ પગલાં લેવાને પાત્ર રહેશે. અને તત્કાલિન અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદાની જોગવાઈઓના બાધ વિના ઈન્ડીયન પીનલ કોડ હેઠળ કબજેદારો ફોજદારી ગુન્હા માટે શિક્ષાત્મક પગલા લેવાને પાત્ર બનશે તથા જમીન મહેસુલ કાયદાની કલમ–૬૬ તથા નિયમોના નિયમ–૧૦૦ અનુસાર યોગ્ય તે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે અને બાંધકામ દુર કરાવવા સહિતના એક કે વધુ પગલા લેવામાં આવશે.

Scanned by CamScanner

**<u>૩૭. શિક્ષાત્મક કલમ</u>**

અ. અરજદાર કોઈપણ શરતનો ભંગ કરે તો કલેકટરશ્રી સદરહુ કાયદાના ઠરાવો અન્વયે અરજદાર જે કોઈપણ બીજી શિક્ષાને પાત્ર હોય તેને બાધ આવ્યા સિવાય તેને ફરમાવવા યોગ્ય લાગે તો તે પ્રમાણે દંડ અથવા આકાર વસુલ લઈ શકશે.

બ. ઉપરની પેટા કલમ 'અ' માં ગમે તે મજકુર હોય તો તેમ છતાં કલેકટરશ્રીએ આ સદરહુ પરવાનગી વિરૂધ્ધ બાંધેલા અથવા વપરાતા કોઈપણ મકાન અથવા ઈમલાને કલેકટરશ્રીએ આ સાથે મુદત ઠરાવી હોય તો તે મુદત દરમ્યાન ખસેડવા અથવા ફેરફાર કરવાનું ફરમાવે તે કાયદેસરનું ગણાશે અને ઠરાવેલી મુદત દરમ્યાન તેવી રીતે ખસેડવામાં અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે તો કલેકટરશ્રી તેમ કરવાને અને તેમ કરવામાં જે દંડ થાય તે અરજદાર પાસેથી જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે. તથા જમીન ખાલસા પાત્ર થશે.

ભરવાપાત્ર બીનખેતીનો આકાર તથા નિયમ મુજબ લોકલ ફંડ,શિક્ષણ વિગેરે દર્શાવતું પત્રકઃ

| અ.નં | વિગત | રકમ રૂા. પૈસા |
|---|---|---|
| ૧. | બીનખેતીની પરવાનગી આપેલ જમીનનો સર્વે નંબર કબજેદારનું નામ | મોજે:અબ્રામા,તા.વલસાડના,સ.નં.૨૭/૧, ક્ષે.૯૧૧.૦૦ ચો.મી. તથા સ.નં.૨૭/૨, ક્ષે.૧૧૧૩.૦૦ ચો.મી. , સી.સ.નં.૪૦ તથા ૪૧ કુલ–ક્ષે.૨૦૨૪.૦૦ ચો.મી. વાળી જમીનની બીનખેતીની પરવાનગી અરજદારશ્રી (૧.) સમીર રમણલાલ દેસાઈ (૨.) હિતેશકુમાર જમનાદાસ ફળદુ (૩.) જીતેન્દ્ર કાળીદાસ ચોખલીયા, રહે.C/O ફીલ્ડ માર્શલ એજન્સી સ્ટેડીયમ રોડ,વલસાડ |
| ૨. | બીનખેતી પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ | કુલઃ ક્ષે. ૨૦૨૪.૦૦ ચો.મી. |
| ૩. | નિયમ મુજબ લેવાના બીનખેતીના આકાર દર તથા કેવા પ્રકારની બીનખેતીના ઉપયોગ છે, | "રહેણાંક" હેતુ માટે રૂા.૦.૧૫ પૈસા |
| ૪. | રૂપાંતર વેરા લેવાનો થતો હોય તો તેની રકમ | રૂપાંતર કરની રકમ રૂા.૨૦,૨૪૦/– (અંકે રૂપિયા વીસ હજાર બસો ચાલીસ પુરા) સરકારશ્રીમાં ચલણ નં.૧૯૭/૨૦૧૨, તા.૧૩–૦૩–૨૦૧૨ના રોજ જમા કરવામાં આવેલ છે. |
| ૫. | વસુલ કરવાના બીનખેતી આકારની કુલ રકમ | રૂા.૩૦૪/– (અંકે રૂપિયા ત્રણસો ચાર પુરા) |
| ૬. | અન્ય કોઈ વેરા વસુલ કરવાના હોય તો તેની રકમ (લોકલફંડ) | રૂા.૧૫૨/– (અંકે રૂપિયા એકસો બાવન પુરા) |
| ૭. | શિક્ષણવેરો લેવાના હોય તો તેની રકમ | રૂા.૭૬/– (અંકે રૂપિયા છોત્તેર પુરા) |
| ૮. | કોલમ નં.૫,૬,૭ ના વેરા તથા શરત ભંગ અંગે દંડની રકમ. | રૂા.૫૩૨/–(અંકે રૂપિયા પાંચસો બત્રીસ પુરા) ચલણ નં.૧૯૮/૨૦૧૨, તા.૧૩–૦૩–૨૦૧૨ના રોજ જમા કરાવેલ છે. |
| ૯. | કોલમ નં.૫,૬,૭ ના વેરા કઈ તારીખથી | તા.૦૧/૦૮/૨૦૧૨ થી લેવાના છે. |

(૩૮.) સરકારશ્રીના મહેસૂલ તપાસણી કમિશ્નર,ગુજરાત રાજયની કચેરી ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક–મતક–ડાયરી–ઈ–ધરા–૭૩૭–૨૦૧૧,તા.૦૮–૦૯–૨૦૧૧ તથા પત્ર ક્રમાંક–મતક–વહટ–વશી–૧૩૯૪/૨૦૧૧, તા.૧૨–૦૯–૨૦૧૧ અનુસાર ગા.ન.નં.૬માં નોંધ કરવાની રહેશે.

(૩૯.) જુનિયર નગર નિયોજકશ્રી વલસાડ પાસે મંજૂર કરાવેલ નકશા ૩–માસમાં રજૂ કરવાના રહેશે.

Scanned by CamScanner

અરજદારે ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં નિષ્ફળ જશે તો શરતભંગ ગણી સક્ષમ અધિકારી કાયદેસરની કાર્યવાહી કરશે.

રવાના કર્યું

કલેકટર વલસાડ વતી

સહી/
કલેકટર વલસાડ

રજી.પો.એડી.

પ્રતિ,
શ્રી(૧.) સમીર રમણલાલ દેસાઈ,
(૨.) હિતેશકુમાર જમનાદાસ કળદુ ,
(૩.) જીતેન્દ્ર કાળીદાસ ચોખલીયા,
રહે.C/O ફીલ્ડ માર્શલ એજન્સી સ્ટેડીયમ રોડ,વલસાડ.

નકલ રવાના :– નાયબ કલેકટરશ્રી વલસાડ તરફ–
૨/– જાણ તથા આમુખ–૯ મુજબ મામલતદારશ્રી પાસે અમલવારી કરાવી રીપોર્ટ કરવા સારું.

નકલ રવાના :– મામલતદારશ્રી વલસાડ તરફ......
૨/–ઈ–ધરા કેન્દ્ર ઉપર નોંધ પડાવી નોંધની નકલ તથા ૭/૧૨ ની નકલ અત્રે મોકલવા તથા હુકમની શરત નં.૨૭ મુજબ નમૂના "એમ"માં સનદ તૈયાર કરી અત્રે કરવાનું રહેશે. તેમજ આમુખ–૯ અનુસાર અમલવારી કરી રીપોર્ટ કરવા સારું.

નકલ રવાના :– ચીફ ઓફિસરશ્રી,વલસાડ નગરપાલિકા તરફ....

નકલ રવાના :– ડી.ઈ.લે.રે.શ્રી, વલસાડ તરફ
૨/– જાણ તથા રેકર્ડ ઉપર અમલવારી કરી તેની અત્રે જાણ કરવા સારું.

નકલ રવાના :– સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, વલસાડ તરફ ..
૨/– જાણ તથા આમુખ–૯ મુજબ અમલવારી કરી રીપોર્ટ કરવા સારું.

નકલ રવાના :– જુનિયર નગર નિયોજકશ્રી, વલસાડ તરફ ..

નકલ રવાના :– તલાટી કમ મંત્રીશ્રી અબ્રામા,તા.વલસાડ.. તરફ જાણ સારૂ.

નકલ :– સીલેકટ ફાઈલે.

D:\NA-2011-12\65-B-65\HUKAM-65\1-VALSAD\20-2011-12-ABRAMA-21-3-12.doc

Scanned by CamScanner